Date:- 30-04-2024
Divya Bhaskar, Page-02, Surat

દિવ્ય ભાસ્કર

# સુરત ફ્રંટ પેજ

દિવ્ય ભાસ્કર, સુરત, મંગળવાર, 30 એપ્રિલ, 2024 divyabhaskar.com 2

ડ્રીમ સિટીથી કાદરશાની નાળ અને ચોકબજારથી કાપોદ્રા રૂટને પ્રાયોરિટી કોરિડોર તરીકે પસંદ કરી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય

# મેટ્રો સ્ટેશનોની થીમ નક્કી કરાઈ, ડ્રીમ સિટીમાં ડાયમંડ આકાર તો અલથાણ સ્ટેશન મોલ જેવું હશે, સૌથી નાનું સ્ટેશન રૂપાલી કેનાલ

## મજૂરા ગેટ ઈન્ટરચેન્જ સ્ટેશન પર બંને લાઈનને જોડાણ અપાશે


ભાસ્કર એક્સક્લુઝિવ

લવકુશ મિશ્રા | સુરત

મેટ્રોના સ્ટેશનોની થીમ નક્કી કરવામાં આવી છે, જેમાં ડ્રીમ સિટીમાં ડાયમંડ જેવો આકાર હશે તો અલથાણમાં મોલ જેવી ડિઝાઈન બનાવાશે. રૂપાલી કેનાલ સૌથી નાનું સ્ટેશન હશે. ડિસેમ્બર સુધીમાં લાઈન-1 હેઠળ એક ભાગ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. ડ્રીમ સિટીથી કાદરશાની નાળ અને ચોકબજારથી કાપોદ્રા વચ્ચે ઝડપથી કાર્ય થઈ રહ્યું છે. મેટ્રો રેલ કોર્પોરેશને આ રૂટને પ્રાયોરિટી કોરિડોર તરીકે પસંદ કર્યો છે. આ સેક્શન પર ઝડપી કાર્ય કરી મેટ્રો શરૂ કરી શકાય. લાઈન-1માં ડ્રીમ સિટીથી કાદરશાની નાળની વચ્ચે 11.6 કિમી એલિવેટેડ મેટ્રો રૂટ અને ચોકબજારથી કાપોદ્રા વચ્ચે 7 કિમી અંડરગ્રાઉન્ડ મેટ્રો દોડશે, જેમાં એલિવેટેડ રૂટ પર 11 સ્ટેશન હશે જ્યારે 6 અંડરગ્રાઉન્ડ સ્ટેશન હશે. બધાં જ સ્ટેશનો આધુનિક શૈલીમાં બનાવાશે. ડ્રીમ સિટી સ્ટેશન ડાયમંડ બુર્સ પાસે બનશે, જેથી તેની ડિઝાઈન પણ હીરા જેવી હશે. મજૂરા ગેટ પર ઈન્ટરચેન્જ સ્ટેશન બનાવાશે, જ્યાં લાઈન-1 અને લાઈન-2ને જોડાણ અપાશે. અંડરગ્રાઉન્ડ સ્ટેશનોમાં શહેરની કોઈને કોઈ ઝલક દેખાશે.

## લાઈન-1માં 11.6 કિમીના એલિવેટેડ રૂટ પર 11 સ્ટેશન તો 7 કિમીના અંડરગ્રાઉન્ડ રૂટ પર 6 સ્ટેશન બનાવાશે

ડ્રીમ સિટી | સ્ટેશન ડાયમંડ જેવું દેખાશે





ડ્રીમ સિટી મેટ્રો સ્ટેશન સુરત ડાયમંડ બુર્સની નજીક હોવાથી તેને ડાયમંડ આકારમાં બનાવાશે, આ સ્ટેશનની અગાસી ડાયમંડના આકારની હશે, જેને દૂરથી જોઈ શકાશે.



**મજૂરાગેટ સ્ટેશન:** લાઇન-1 અને લાઇન-2 અહીં જોડાશે મજૂરાગેટ સ્ટેશન ઈન્ટરચેન્જ સ્ટેશન હશે. અહીંથી લાઈન-1 અને લાઈન-2ના મુસાફરો મેટ્રો બદલી શકશે. ભેસાણ અને સરોલી રૂટ માટે મજૂરા ગેટ સ્ટેશનથી જ મેટ્રો મળી જશે. અહીં બે લાઇન ભેગી થવાની હોવાથી મુસાફરોની ભીડ વધુ જોવા મળશે.



**રૂપાલી કેનાલ સ્ટેશન | ઓછી જગ્યામાં ખાસ ડિઝાઇન, પ્લસ જેવું દેખાશે:** રૂપાલી કેનાલ સ્ટેશનની ડિઝાઇન થોડી અલગ હશે, જેનું મુખ્ય કારણ અહીં રોડ સાંકડો છે, જેના પગલે સ્ટેશનની પહોળાઈ માત્ર 18 મીટર જ હશે, જેથી રૂપાલી કેનાલ સ્ટેશનનો આકાર 'પ્લસ' સાઇન જેવો બનાવાશે એટલે કે ક્રોસ આકારમાં ડેવલપ કરાશે.



**અલથાણ ગામ સ્ટેશન | મોલ જેવો આરકાર હોવાથી શોપિંગની મજા માણી શકાશે:** અલથાણ સ્ટેશન અપગ્રેડેડ સ્ટેશનમાંથી એક હશે, જે અન્ય સ્ટેશનની તુલનામાં ખુબ જ સુંદર હશે. આ સ્ટેશન પર મુસાફર ઉતરીને શોપિંગ પણ કરી શકશે. મોલ જેવા દેખાવવાળા આ સ્ટેશનમાં દુકાનો સહિતની વ્યવસ્થા-સુવિધાઓ પણ જોવા મળશે.

લાઈન-1માં કાપોદ્રાથી સરથાણા વચ્ચે 4 કિમી એલિવેટેડ સેકશનનું કામ માર્ચ-2025 સુધી પૂરું થઈ જશે. લાઈન-2માં 19.26 કિમી લાંબો એલિવેટેડ રૂટ બનાવવાનું કામ 2025માં પૂર્ણ કરાશે.

## આવતા વર્ષથી ડ્રીમ સિટીથી કાપોદ્રા રૂટ ધમધમતો થઈ જશે

12,020 કરોડનો ખર્ચ કરાશે




બંને રૂટની લંબાઈ

| | | |
|---|---|---|
| 41.93 કિમી: સુરત મેટ્રોની કુલ લંબાઈ | 22.77 કિમી: લાઇન-1 ડ્રિમ સિટીથી સરથાણા સુધી | 19.26 કિમી: ટેક્સટાઇલ લાઇન-2, ભેસાણથી સારોલી |

શ્રેષ્ઠ સુવિધા હશે

### સ્ટેશનોની અંદરની ડિઝાઇન કંઈક આવી હશે



બધાં જ સ્ટેશનોની અંદરની ડિઝાઈન એક સરખી હશે, જેમાં પહેલા માળે કસ્ટમર કેર કાઉન્ટર હશે. એસ્કેલેટર, ચેક ઈન, એન્ટ્રી-એક્ઝિટ, ટિકિટ કાઉન્ટર સરખા બનાવાશે.

### એક કિમીથી પણ ઓછા અંતરે હશે બધાં જ સ્ટેશન

બધાં જ સ્ટેશન 1 કિમીથી પણ ઓછા અંતરે બનાવાશે, જેથી એક સ્ટેશને ઉતરી બીજા સ્ટેશને પગપાળા જઈ શકાશે. હાલ નોઈડા, દિલ્હી, હરિયાણા, મુંબઈ અને લખનૌમાં બે સ્ટેશન વચ્ચેનું અંતર એકથી દોઢ કિમી જ છે.